# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**<u>પરિપત્ર ક્રમાંક – ૧૧ / ૨૦૧૦</u>**

વિષય : એમ.એસ.સી. ભાગ–૧ માં ટીચીંગની ભાષા ફરજીયાત ઈંગ્લીશ કરવા તેમજ પ્રશ્નપત્રો માત્ર ઈંગ્લીશમાં જ તૈયાર કરવા અંગે...

આ યુનિવર્સિટી સંલગ્ન સાયંસ કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના વિષયોના અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે એમ.એસ.સી. ભાગ–૧ માં ટીચીંગની ભાષા ફરજીયાત ઈંગ્લીશ કરવા તેમજ પ્રશ્નપત્રો માત્ર ઈંગ્લીશમાં જ તૈયાર કરવા માટે એકેડેમિક કાઉન્સિલ ધ્વારા નિમવામાં આવેલ પેટા સમિતિની તારીખ : ૦૧ / ૦૯ / ૦૯ ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ : ૨૧ / ૧૨ / ૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક–૦૯ થી મંજૂર કરેલ છે. જેની સબંધિતોને જાણ કરવામાં આવે છે.

**"આ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ દવારા એમ.એસસી ભાગ–૧ માં રસાયણશાસ્ત્ર વિષય સિવાયના વિષયોમાં ટીચીંગની ભાષા ફરજીયાત ઈંગ્લીશ કરવા તેમજ પ્રશ્નપત્રો માત્ર ઈંગ્લીશમાં જ તૈયાર કરવા સબબ નિમવામાં આવેલી પેટા સમિતિની એક સભા આજરોજ તા. ૧–૦૯–૨૦૦૯ ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી. સમિતિને સોંપવામાં આવેલ આ કામગીરી બાબતે સભામાં વિગતે ચર્ચા વિચારણા કરવામાં આવી. પુખ્ત ચર્ચાને અંતે સર્વાનુમતે આથી ઠરાવવામાં આવે છે કે જૂન–૨૦૧૦ થી અમલમાં આવે તેવી રીતે વિજ્ઞાન વિધાશાખાના તમામ અનુસ્નાતક વિષયોમાં ટીચીંગની ભાષા ફરજીયાત અંગ્રેજી માધ્યમ રાખવી. તેમજ પ્રશ્નપત્રો માત્ર અંગ્રેજી માધ્યમમાં જ તૈયારકરવા અને વિધાર્થીઓ માટે પરીક્ષાની ઉત્તરની ભાષા માત્ર અંગ્રેજી માધ્યમ રહેશે.જેનો અમલ જૂન–૨૦૧૦ થી ક્રમશઃ કરવાનો રહેશે."**

આ બાબતની અધ્યાપકશ્રીઓ તથા વિધાર્થીઓને આપના સ્તરેથી જાણ કરવા વિનંતી છે..

નાયબ કુલસચિવ

~~બિડાણ : ઉપર મુજબ.~~

જા.નં. : એકે/ અ.સ./૨૫૮ / ૨૦૧૦
યુનિવર્સિટી રોડ, પો.બો. નં.– ૨૧
<u>પાટણ.</u> – ૩૮૪ ૨૬૫. (ઉ. ગુ.)
તારીખ : ૮ / ૦૧ / ૨૦૧૦